ગાંધીનગર સમાચાર



ગાંધીનગર, તા. ૨૩ જીઓ હેજાર્ડ સોસાયટી, સાઉથ એશિયન એસોસીએશન ફોર રીજનલ કો ઓપરેશન (SAARC), ભારત સરકાર તેમજ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ના સંયુક્ત ઉપક્રમે સ્કૂલ બિલ્ડિંગનું ઝડપી માળખાકીય અને બિન-માળખાકીય જોખમ મૂલ્યાંકન (Rapid Structural & Non-Structural Risk Assessment of School Building) વિષય પર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશૉપ અંતર્ગત સાર્ક સંગઠનના સભ્ય દેશો જેવાકે અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકાના પ્રતિનિધિ એ આજ રોજ ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રાથમિક શાળાની મુલાકાત લીધી અને તેમણે શાળાના સંપૂર્ણ બિલ્ડીંગ નું ઝીણવટ ભર્યું અવલોકન કર્યું હતું. આપત્તિ વ્યવસ્થાપન મુજબ કઈ કઈ જગ્યાએ વિદ્યાર્થીઓ માટે જોખમ રહેલું છે તે માટે કયા ઉપાયો કરી શકાય તે અંગે માર્ગદર્શન અને માહિતી પણ તેમણે આપી હતી. તમામ દેશના પ્રતિનિધીઓએ તમામ વર્ગખંડ અને કોમ્પ્યુટર લેબ તેમજ શાળાના સ્માર્ટ ક્લાસની પણ મુલાકાત લીધી હતી. સાર્કના સભ્યો દ્વારા શાળાના વિદ્યાર્થીઓ અને શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિ સાથે પણ વાર્તાલાપ કરી શાળા અને વિદ્યાર્થીઓની વધુ સલામતી માટે કેવી વ્યવસ્થા કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

### શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, ગાંધીનગર સંકુલના સ્થાપક

# સ્વ. જીવણભાઈની દ્વિશતાબ્દી નિમિત્તે ભાવ વંદના





ગાંધીનગર, તા. ૨૩ શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર અને સ્વ. શેઠ શ્રી જીવણભાઈ એમ ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજની રજત જયંતીની ઉજવણી નિમિત્તે કેળવણી મંડળ, ગાંધીનગરના ઉદારદિલ શ્રેષ્ઠી અને શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, ગાંધીનગર સંકુલના સ્થાપક, મુખ્ય દાતા સ્વ. જીવણભાઈ એમ ચૌધરીની દ્વિશતાબ્દી નિમિત્તે ભાવ વંદના અને તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ઈનામ વિતરણ અને ઉભરતી પ્રતિભાઓને સન્માનવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મુખ્ય મહેમાન તરીકે સ્વર્ગસ્થના પુત્ર હિરેનભાઈ ચૌધરી, પ્રવક્તા તરીકે શ્રી એ એસ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસામાના પ્રિન્સિપાલ ડૉ. સુરેશભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભે સ્વાગત પ્રવચન શંકરભાઈ ચૌધરીએ કર્યું હતું. સ્વર્ગસ્થનાં કાર્યોની સુવાસ પૂર્વ કેન્દ્રીય મંત્રી તુષારભાઈ ચૌધરી અને ડૉ. સુરેશભાઈ ચૌધરીએ તાજી કરી હતી.

આ પ્રસંગે અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, શેઠ શ્રી જીવણભાઈ એમ ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટનાં ઉપપ્રમુખ હેમલતાબેન ચૌધરી, કેળવણી મંડળના મહામંત્રી માધુભાઈ કે ચૌધરી, ઉપપ્રમુખ જેસંગભાઈ ચૌધરી, રણછોડભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કેળવણી મંડળના સહમંત્રી લાલજીભાઈ ચૌધરીએ આભાર દર્શન ઉપપ્રમુખ સેંધાભાઈ ચૌધરીએ કર્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

નેટ વિના પણ
નજીક હતા
એ સંબંધો કેવા
સાહજિક હતા
વિશ કર્યા વગર
પણ
વ્યવહારો
સચવાતા હતા
એ સંબંધો કેવા
હૈયે સચવાતા હતા !

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં વેશભૂષા કાર્યક્રમ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાથમિક સ્કૂલમાં ભાષા સાહિત્ય અને સામાજિક વિજ્ઞાન સમિતિ દ્વારા ધોરણ-૩થી ૫ની વિદ્યાર્થિનીઓ માટે સાંસ્કૃતિક વેશભૂષા કાર્યક્રમ યોજાયો હતો. ૨૯૦ વિદ્યાર્થિનીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે વાલીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્ઘોષક તરીકેની જવાબદારી સેજલબેન દ્વારા સંભાળવામાં આવી હતી.




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ઈન્ટર હાઉસ બેન્ડાસ્ટિક સ્પર્ધા યોજવામાં આવી હતી. ધોરણ-પથી ૮ના વિદ્યાર્થીઓએ સંગીતનાં વિવિધ વાદ્યોનો ઉપયોગ કરીને ગીતોની પ્રસ્તુતિ કરી હતી. વિજેતા ટીમને ઈનામ આપીને નવાજવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



અલકેશ સુખડીયા
મો. ૯૪૨૮૫ ૯૫૬૫૫



કેતુલ
ભાવેશકુમાર રાજવંશી
મો. ૮૨૩૮૦ ૪૨૨૩૨

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગાંધી યુથ ક્લબ દ્વારા કેવડીયા ખાતે ગ્રંથાલયનું ભૂમિપૂજન

ગાંધીનગર, તા. ૨૩ ગાંધીનગરના સત્યાર્થી ફાઉન્ડેશન પ્રેરિત ગાંધી યુથ ક્લબ દ્વારા આગામી તા. ૨૫મી જાન્યુઆરીના રોજ સવારે ૯ કલાકે કપડવંજ તાલુકાના કેવડીયા ગામે નવીન ગ્રંથાલયના ભૂમિપૂજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના અધ્યક્ષાપદે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા તથા ઉદ્ઘાટક પદે ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણ ઉપસ્થિત રહેશે. ગ્રંથાલયના ભૂમિપૂજન પ્રસંગે મુખ્ય મહેમાનપદે કપડવંજના ધારાસભ્ય કાળુસિંહ ડાભી, પૂર્વ શિક્ષણમંત્રી ડૉ. કરશનદાસ સોનેરી, કપડવંજ તાલુકા પંચાયતના પ્રમુખ ઉષાબા ઝાલા, માજી ધારાસભ્ય બિમલ શાહ તથા અમદાવાદના શાહીબાગ ખાતેના સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટીના મંત્રી બાલુભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત આમંત્રિત મહેમાનોમાં કપડવંજ એપીએમસીના ચેરમેન નિલેશ પટેલ, માજી જિલ્લા પંચાયત સભા ઘેલાભાઈ ઝાલા તથા વૈદ્ય અંકુર પંચોલી અને વૈદ્ય ચૈતાલીબેન પંચોલી ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રંથાલય માટે જમીનના દાતા ધર્મેન્દ્રકુમાર શાંતિલાલ વણકર છે.

# ઍસઍસઆઈટીમાં પર્યાવરણ દિવસની ઉજવણી



શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી, ભાટ દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૧ હજારથી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ આ ઉજવણી અંતર્ગત વૃક્ષા-રોપણનો લાભ લીધો હતો અને વૃક્ષોનું જતન કરવાની જવાબદારીનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

# આરાધના વિદ્યાવિહારમાં મોડેલ મેકિંગ સ્પર્ધા







વેદ ગૃપ સંચાલિત આરાધના વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ શાળા દ્વારા મોડેલ મેકિંગ ઓન મોન્યુમેન્ટ્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહથી ભાગ લઈ તાજ મહેલ, લાલ કિલ્લો, ઈન્ડિયા ગેટ જેવી ખ્યાત ઈમારતોની પ્રતિકૃતિ થર્મોકોલના ઉપયોગથી રજૂ કરી હતી. કાર્યક્રમનો હેતુ વિશ્વની અજાયબીના વારસા પ્રત્યે બાળકોમાં જાગરૂકતા જન્મે અને તેના ઐતિહાસિક મહત્ત્વથી તેઓ ઉજાગર થાય તે હતો.





જે ઍમ ડી ઈન્સ્ટીટ્યુટ ઑફ નર્સિંગ ખાતે રમતગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ચૌધરી કૉલેજ ઑફ નર્સિંગના ડિરેક્ટર, આચાર્ય ડૉ. મયુક જૈન અને જેઍમડી કૉલેજ ઑફ નર્સિંગનાં આચાર્ય દિવ્યા જીજીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત કોચ મુકેશભાઈ, રિપલભાઈ, પિયુષભાઈ અને લીલાભાઈ દ્વારા પોતાની નિષ્ણાત સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. ૧૫ જેટલી રમતોની સ્પર્ધાઓનું આયોજન આ ઉપક્રમમાં કરવામાં આવ્યું હતું. દ્વિતીય વર્ષ બીઍસસીના વિદ્યાર્થીઓ આ ઉપક્રમમાં જોડાયા હતા.

# એએપીસીસીની ઍનઍસઍસ શિબિર સંપન્ન







ગાંધીનગર, તા. ૨૩ અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની સાત દિવસીય શિબિર વામજ ખાતે યોજાઈ હતી. શિબિરના પૂર્ણાહુતિ સમારોહમાં ગ્રામ પંચાયતના સરપંચ ગોવિંદભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ, ઉપસરપંચ શૈલેષભાઈ પટેલ, જનકભાઈ પટેલ, દૂધ મંડળીના ચેરમેન કૌશિકભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રામભાઈ પટેલ, આચાર્ય પ્રવીણભાઈ પટેલ, માધ્યમિક શાળાના આચાર્ય ભાર્ગવભાઈ આચાર્ય, નરેન્દ્રભાઈ પટેલ, વાસુદેવભાઈ પટેલ, ભગવાનદાસ પટેલ, હરજીવનદાસ પટેલ, રામભાઈ સિંધવ, ઈશ્વરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીએ સાત દિવસીય શિબિરમાં થયેલી કાર્યવાહીનો વિગતે અહેવાલ રજૂ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે શિબિર અંતર્ગત વિદ્યાર્થીઓએ અનેક સામાજિક ઉપક્રમોને અંજામ આપ્યો હતો અને લોકજાગૃતિ માટેના સ્તુત્ય પ્રયાસો પણ કર્યા હતા. શિબિરને સફળ બનાવવા માટે રીના પટેલ, આશિષ પટેલ, અવની ભૂવા, મિતુલ વઢેર, ઉદિત લકુમ, હર્ષિલ સાવલીયા, કૃતિક પટેલ, હસ્તી આલોન્દ્રા અનો સરપંચ ગોવિંદભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, વાડીભાઈ પટેલ, ભારતીય કેળવણી મંડળના પ્રમુખ ચંદુભાઈ પટેલ, દૂધ મંડળીના કૌશિકભાઈ પટેલ, રામભાઈ સિંધવ અને ગામના મનીષભાઈ પટેલે સક્રિય સહકાર પૂરો પાડ્યો હતો.